# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=====================================================================

**અખબારી યાદી** **૧૮-૦૯-૨૦૨૪**

- **આણંદ, સુરત, અમદાવાદ શહેર, ગાંધીનગર સહિત રાજ્યમાંથી આપના આગેવાન-કાર્યકરો મોટી સંખ્યામાં આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા.**
- **ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ સારો પ્રતિસાદ**

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ જ જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે, તેઓનો શ્રી શક્તિસિંહ ગોહિલે આભાર વ્યક્ત કર્યો હતો.

આજરોજ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય, રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે આણંદ જિલ્લાના કરમસદના આમ આદમી પાર્ટીના કિસાન સેલના પ્રદેશ મહામંત્રીશ્રી અરવિંદભાઈ ગોલ, ભારતીય હિન્દુ સેનાના ગાંધીનગર જિલ્લાના મહામંત્રી અને ગાંધીનગર શહેરના કરણી સેનાના પ્રમુખશ્રી રતનસિંહ લખુભા ચાવડા, સુરત શહેર મહામંત્રીશ્રી રાકેશભાઈ પટેલ, આમ આદમી પાર્ટીના માતર વિધાનસભાના ઉમેદવાર શ્રી લાલજીભાઈ પરમાર, ખેડા શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ મહેન્દ્રભાઈ માલી સહિત મોટી સંખ્યામાં આગેવાનો હાથ સે હાથ જોડોના પ્રદેશ મહામંત્રીશ્રી મનોજભાઈ ભુપતાણીના હસ્તે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

આમ આદમી પાર્ટીના લઘુમતી સેલના ઉપપ્રમુખશ્રી અબ્દુલરશીદખાન એસ. પઠાણ ખૂબ મોટી સંખ્યામાં વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા સહુને પક્ષમાં આવકાર આપીને આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષમાં મજબુત રીતે કામ કરીને ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

ગુજરાતમાં ભાજપના શાસનમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે એનપીકે, ડીએપી, યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો આ આગેવાન-કાર્યકર્તાઓએ જનહિતમાં નિર્ણય કરેલ છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ઈમરાનભાઈ ખેડાવાલા, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, હાથ સે હાથ જોડોના કન્વીનર શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશી, હાથ સે હાથ જોડોના પ્રદેશ મહામંત્રીશ્રી હરેશભાઈ કોઠારી, મનોજભાઈ ભુપતાણી, હાથ સે હાથ જોડોના પ્રદેશ માઈનોરીટી સેલના પ્રમુખશ્રી આરીફભાઈ અંસારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

( ડૉ. મનિષ એમ. દોશી )
મીડિયા કન્વીનર અને પ્રવક્તા
Mob : 9426001599